Kisanraj, Ahmedabad, November 26,2009

# ટીસીએસ આઈટી વિઝ ૨૦૦૯ અમદાવાદમાં યોજાશે

અમદાવાદ, ૨૪ નવેમ્બર, ૨૦૦૯ - ભારતની અગ્રણી આઈટી સર્વિસિઝ, બિઝનેસ સોલ્યુશન અને આઉટસોર્સિંગ કંપની ટીસીએસે આજે જાહેરાત કરતાં જણાવ્યું હતું કે શાળાઓ માટેની ભારતની સૌથી મોટી ટેક ક્વિઝ ટીસીએસ આઈટી વિઝ ૨૦૦૯ સતત ત્રીજા વર્ષે, તારીખ ૧ ડિસેમ્બર, ૨૦૦૯ને મંગળવારના રોજ અમદાવાદમાં યોજાશે. ૧૯૯૯માં શરૂ કરાયેલ ટીસીએસ આઈટી વિઝ ભારતની સૌથી મોટી ટેક ક્વિઝ છે અને તેના ઉચ્ચતમ સ્તર અને સંશોધનને કારણે દેશની અન્ય આંતરશાળાકીય ક્વિઝમાં માપદંડ ગણાય છે. ગયા વર્ષે ટીસીએસે આ માટે www.tcsitwiz.com નામની વેબસાઈટ પણ લોન્ચ કરી છે. આ વર્ષે ૨૯ જુલાઈના રોજ બેંગ્લોરમાં ટીસીએસે આઈટી વિઝનું લોન્ચિંગ કરાયું હતું. ચેન્નાઈ આવૃત્તિ બાદ આ ક્વિઝ હૈદરાબાદ કોઈમ્બતુર, કોલકાતા, ભુવનેશ્વર, દિલ્હી, કોચી, લખનૌ, મુંબઈ, અમદાવાદ અને પૂણેમાં પણ યોજવામાં આવશે. આ રાષ્ટ્રવ્યાપી ક્વિઝ આશરે ૨૦૦,૦૦૦ વિદ્યાર્થીઓ સુધી પહોંચશે. ટીસીએરા આઈટી વિઝ વિદ્યાર્થીઓમાં આઈટી અંગે જાગરુકતા ફેલાવવાનો તથા આઈટી વિશ્વમાં થતા નિતનવા સંશોધનોથી તેમને માહિતગાર રાખવાનો ધ્યેય ધરાવે છે. ૨૦૦૯ ટીસીએસ આઈટી વિઝના વિજેતાઓને લેપટોપની ભેટ અપાશે જ્યારે રનર્સ અપને કેમેરા અને ડિજિટલ ફોટો ફ્રેમ્સ અપાશે. આ ઉપરાંત છ ફાઈનાલિસ્ટને ટીસીએસ તરફથી બેકપેક્સ, ધડિયાળ તથા એમપીૐ પ્લેયર્સ જેવા ઈનામો પણ એનાયત કરવામાં આવશે. ટીસીએસ આઈટી વિઝ ૧ ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ ટાગોર હોલ, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈનની સામે, પાલડી ખાતે યોજાશે. ધોરણ ૮-૧૨ના તમામ વિદ્યાર્થીઓ માટે તેમાં આવકાર્ય છે. તેમાં કોઈ પ્રવેશ ફી નથી. દરેક સંસ્થા એક કરતાં વધુ ટીમ (ટીમ દીઠ બે સભ્ય) મોકલી શકે છે. જે તે સંસ્થા દ્વારા પ્રવેશ મોકલવાની અંતિમ તારીખ ૨૭ નવેમ્બર, ૨૦૦૯ છે. પ્રવેશ મોકલવાનું સરનામું ટીસીએસ આઈટી વિઝ કો-ઓર્ડિનેટર, ટાટા કન્સલ્ટન્સી સર્વિસિઝ, ઈન્ફો ટાવર ૧, ઈન્ફોસિટી, એરપોર્ટ રોડ, ગાંધીનગર - ૩૮૨૦૦૯ છે. વધુ માહિતી માટે વિઝ કો-ઓર્ડિનેટર, ટાટા કન્સલ્ટન્સી સર્વિસિઝ, ઈન્ફો ટાવર ૧, ઈન્ફોસિટી, એરપોર્ટ રોડ, ગાંધીનગર - ૩૮૨૦૦૯ છે. વધુ માહિતી માટે સંપર્ક કરો - ashok2.kolla@tes.com - 9227429656